Letter No: ACD/0770/04/2023 Dt: 29-04-2023

વર્ષ ૨૦૨૩-૨૪

ચાલુ બાબત

રૂ. ૫૮૦.૦૦લાખ

પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની ચાલુ બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક:ACD/PAO/e-file/2/2022/2467/P1

સચિવાલય, ગાંધીનગર

તારીખ: 29 APR 2023

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક : સીડીએસ/૧૩/૨૦૨૧/૧૪૪૫/પી.૧,તા.૨૦/૦૪/૨૦૨૨

(૨) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : પધન/ગસક-૧/૧૯૭-૧૯૮/૨૦૨૨,તા.૨૨/૧૧/૨૦૨૨

(૩) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:DOAH/0633/03/2023, તા.૧૮/૦૩/૨૦૨૩.

**આમુખ:-**

વંચાણે લીધા-(૧) હેઠળના આ વિભાગના ઠરાવથી પશુ અને ભેંસ વિકાસ કાર્યક્રમ હેઠળ પશુધન સુધારણા અને સંરક્ષણની વિવિધ ચાલુ બાબતને વર્ષ: ૨૦૨૨-૨૩માં ચાલુ રાખવાની વહીવટી મંજુરી આપવામાં આવેલ.વંચાણે લીધા-(૨) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી વર્ષ:૨૦૨૩-૨૪માં સદર ચાલુ બાબત માટે રૂ. ૯૨૯.૬૯ લાખ(અંકે રૂપિયા નવસો ઓગણત્રીસ લાખ અગણ્યો સીત્તેરહજાર પુરા)ની પ્રી-બજેટ ચકાસણી દરખાસ્ત રજુ કરવામાં આવેલ.વર્ષ: ૨૦૨૩-૨૪ના કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ ચાલુ બાબત માટે રૂ.૫૮૦.૦૦ લાખ(અંકે રૂપિયા પાંચસો એસી લાખ પુરા)નીનાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે. વંચાણે લીધા-(૩)હેઠળના નિયામકશ્રી, પશુપાલનનીકચેરીના પત્રથી આ ચાલુ બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાકીય જોગવાઈરૂ.૫૮૦.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચસો એસી લાખ પુરા)નીવહીવટી મંજુરી મેળવવા દરખાસ્ત રજુ કરવામાં આવેલ. તેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે રૂ.૫૮૦.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચસો એસી લાખ પુરા)નીઅંદાજપત્રીય જોગવાઈ ધરાવતી આ ચાલુ બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ યોજનાવાર નાણાકીય જોગવાઈ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટો(૧અને ૨)માં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ:૨૦૨૩-૨૪માં ચાલુ રાખવાની વહિવટી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | યોજનાનું નામ | વિગતવાર સદર | જોગવાઈ રૂ.લાખમાં |
|---|---|---|---|
| ૧ | ગુજરાત રાજયમાં રાજયકક્ષાનુ પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડની સ્થાપના કરવા અંગેની યોજના અને રાજયના દરેક જિલ્લામાં પ્રાણીઓ પ્રત્યે ક્રૂરતા અટકાવવા મંડળીઓને (એસ.પી.સી.એ.) સહાય કરવાની યોજના | ૩૧૩૫-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર | ૪૯૬.૫૩ |
| ૨ | રાજયમાં ગીર અને કાંકરેજ ગાય અને એમ્બ્રીયો ટ્રાન્સફર પ્રોગ્રામ યોજના-મહેકમ | ૩૧૩૫-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર | ૩૧.૦૦ |
| ૩ | ગીર કાઉ સેન્ચ્યુરી ફાર્મની સ્થાપના મુ.ધરમપુર જિ.પોરબંદર ખાતેની યોજના અંતર્ગતની મહેકમની યોજના | ૩૧૩૫-ગ્રન્ટ ઈન એઈડ ટુ અધર | ૧.૦૦ |
| ૪ | રાજય કક્ષાની દૂધ ઉત્પાદન હરીફાઈ અભિયાનની યોજના | ૫૦૦૦ અન્યને | ૨૭.૧૩ |
| | | ૩૧૩૨-ગ્રાન્ટ ઈન એઈડ ટુ પંચાયત | ૨૪.૩૪ |
| | | કુલ | ૫૧.૪૭ |
| | | કુલ | ૫૮૦.૦૦ |

નીચેની શરતોમાંથી યોજનાના પ્રારુપને અનુરુપ શરતોનું પશુપાલન નિયામકશ્રીની કચેરીએ યોજનાના અમલીકરણમાં ધ્યાને રાખવા વિનંતી.

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ

મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.
8. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે
10. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
11. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. આઉટ સોર્સથી સેવા વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહીં.
13. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
14. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
15. વિભાગે ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગનાતા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
16. વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઈ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
17. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરુ ચુકવે તે અંગે સંબંધિત વિભાગે યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
18. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઈ વધારો કરવાનો રહેશે નહી.
19. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
20. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
21. કરાર આધારીત સેવાઓ વહીવટી મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પાશ્ચાત્ય્ય વર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાંચાલુ રાખી શકાશે નહી.
22. કરાર આધારીત સેવાઓ લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત કાર્યપદ્ધતિને અનુસરી ભરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
23. કરાર આધારીત સેવાઓ ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
24. વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન કરાર આધારીત સેવાઓની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઈ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઈ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.
25. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય કે સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંન્તાણાના દરોમાં કોઈ

વધારો કરવાનો રહેશે નહી.

26. કરાર આધારીત સેવાઓ મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
27. કરાર આધારીત સેવાઓ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
28. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
29. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સૂથાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
30. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
31. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
32. ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પદ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉધોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
33. આઈ.ટી. હાર્ડવેર ખરેખર મળવાપાત્ર અધિકારી/ કર્મચારીની ભરાયેલ જગ્યા પુરતુ જ મેળવવાનું રહેશે. તેથી વધુ સાધનો વસાવવામાં આવશે અને તે બિન ઉપયોગી રહેશે તો તેની જવાબદારી સંબંધિત વિભાગની થશે.
34. નવા સાધનોની ખરીદી કરતા સમયે જે તે જગ્યાઓના બિનવપરાશના સાધનોનો રાજ્યસરકારશ્રીની પ્રવર્તમાન નીતિ મુજબ નિકાલ ઝુંબેશના સ્વરૂપે કરવાનો રહેશે. જેથી બિનવપરાશપાત્ર સાધનોની પ્રતિદિન ઘટતી જતી કિંમતો અને રોકાતી જગ્યાના અનુસંધાને ઉચિત કાર્યવાહી થઇ શકે.
35. ગ્રાંટ મળવાની અપેક્ષાએ ખરીદી કરાવાની રહેશે નહી.
36. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટે હાર્ડવેર Operation and maintenance માટે Manpower ની વધારાની જરૂરિયાત ઉપસ્થિત ન કરતાં તેનો આંતરિક વ્યવસ્થાથી કામગીરી લેવાની રહેશે.
37. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
38. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
39. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
40. આઈ.ટી. હાર્ડવેર/સોફ્ટવેર ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
41. જો કોઈ કેંદ્રીય સહાયિત યોજના હેઠળ સાધનોની ખરીદી કરવાની હોય તો યોજનાની સહાય મળ્યેથી જ ખરીદી કરવાની રહેશે.
42. નવી મશીનરી ખરીદી માટેનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થાય અને તેના પૂર્ણ આયુષ્ય મર્યાદા સુધી તેનો મહત્તમ ઉપયોગ ઔચિત્ય પૂર્ણ રીતે થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.
43. નવી મશીનરીખરીદી માટેનું ડેડ સ્ટોક રજીસ્ટર નિભાવવાનું રહેશે.
44. નવી મશીનરી ખરીદવા માટે કેન્દ્ર સરકાર તરફથી કોઈ અનુદાન મળનાર હોય તો કેન્દ્ર સરકારા તરફથી આવું અનુદાન મળ્યેથી જ આવી મશીનરી ખરીદવાની રહેશે.
45. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
46. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે વિભાગે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
47. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
48. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
49. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
50. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
51. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
52. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે
53. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર

મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

54. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.
55. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.
56. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
57. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
58. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.
59. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની વિભાગે તકેદારી રાખવાની રહેશે.પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે. આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.
60. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
61. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન , કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.
62. આ યોજનાનો અમલ ( યોજનાને સંલગ્ન એજન્સી) નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
63. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
64. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
65. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવત્તા સુનિશ્રિત કરવાની રહેશે.
66. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
67. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
68. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
69. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
70. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
71. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
72. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
73. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
74. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
75. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
76. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
77. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
78. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
79. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
80. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણીનંબર: | ૪ |
| સેક્ટર : | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર: | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર: | ૨૪૦૩ - પશુપાલન |
| ગૌણ સદર: | ૧૦૨ – પશુ અને ભેંસ વિકાસ |
| પેટા સદર: | ૦૬: એ.એન.એચ-૭: પશુધન સુધારણા અને સંરક્ષણ |

Signature valid
Signed by:ashish kumar m chaudhary
Section Officer
Date: 2023.04.29 17:01:01 +05:30

Letter No: ACD/0770/04/2023 Dt: 29-04-2023

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર પશુપાલન નિયામકની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ઇ-ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ)ની તા.૧૨/૦૪/૨૦૨૩ની અને સચિવશ્રી(પ.પા)ની તા.૧૩/૦૪/૨૦૨૩ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આશિષ ચૌધરી)

સેકશન અધિકારી

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણઃ-પરિશિષ્ટ-૧ અને ૨

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર
- પશુપાલનનિયામકશ્રી, ગુ.રા., કૃષિભવન, સે-૧૦/એ ,ગાંધીનગર.
- ઉપમહાલેખાકારશ્રી,(ES-1) એકાઉન્ટજનરલ, અમદાવાદ (E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ,ઓડીટ ભવન, નવરંગપુરા ,અમદાવાદ-૩૮૦૦૦૯
- એકાઉન્ટન્ટજનરલશ્રી,(એ એન્ડ ઈ), અમદાવાદ/રાજકોટ.
- સેકશન અધિકારીશ્રી, (આઈ.ટી.સેલ), કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- વહીવટી અધિકારીશ્રી પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન,સે-૧૦/એ, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- સંબંધિત જીલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જીલ્લા તિજોરી કચેરીઓ તમામ
- કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટશાખા, પ.૨, અ. અને નાણાં શાખા.
- સીલેકટ ફાઇલ.

<u>પરિશિષ્ટ-૧</u>

<u>શરતો અને બોલીઓ:-</u>

૧. કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના નોટીફીકેશન નં.GHKH-94-2014-GVS-12011-3564-P.1 તા.૦૫/૧૧/૨૦૧૪ અંતર્ગત પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી એક્ટ-૧૯૬૦ હેઠળ દરેક જિલ્લામાં થયેલ"સોસાયટી ફોર પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ(S.P.C.A.)એ" રજીસ્ટ્રેશનની કામગીરી બાકી હોય તેS.P.C.A. એ નિયમોનુસારરજીસ્ટ્રેશનની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે.

૨. જે જિલ્લામાં પ્રાણી ક્રુરતા અધિનિયમ અંતર્ગત ઇન્ફરમરીઝ નિયત થયેલ નથી તે જિલ્લાઓમાં એક પાંજરાપોળને નિયત કરી, જરૂર જણાયે એક કરતા વધુ પાંજરાપોળોને નિયત કરી તેને ઇન્ફરમરીઝ તરીકે જાહેર કરવાની સત્તા અધ્યક્ષશ્રી સહ કલેકટરશ્રી, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સમિતીની રહેશે.

૩. આ યોજનાના અમલીકરણ અંગે ઇન્ફરમરીઝ(પાંજરાપોળ) દ્વારા રજિસ્ટર,દસ્તાવેજ નિભાવવાના રહેશે. જેનું મોનીટરીંગ જિલ્લા S.P.C.A. અનેગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

૪. ઇન્ફરમરીઝ પાંજરાપોળોએ પોલીસ કેસના જરૂરી કાગળો, કોર્ટના ચુકાદા જેવા અગત્યના દસ્તાવેજોની ફાઇલ નિભાવવાની રહેશે.

૫. જિલ્લાની ઈન્ફરમરીએ સહાય મેળવવા માટે AWBI ના તા. ૦૩/૦૫/૨૦૧૮ની એડવાઈઝરી મુજબ જિલ્લાS.P.C.A. ની ભલામણ સહગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડને અરજી કરવાની રહેશે.

૬. પોલીસ દ્વારા પકડાયેલ પશુઓને કોઈ પણ પાંજરાપોળ/ગૌશાળામાં મૂકવામાં આવે તો નિભાવ સહાય કલેક્ટર સહ અધ્યક્ષ, જિલ્લાપ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી દ્વારા નિયમાનુસાર મંજૂર કરી/કરાવી ચૂકવણી કરી શકાશે.

૭. જિલ્લા S.P.C.A.એપ્રાણી કલ્યાણ પ્રવૃતિ માટે પ્રચાર-પ્રસાર (મિટિંગ, સાહિત્ય તથા આનુસંગિક ખર્ચ) કરવા આયોજન કરવાનું રહેશે. જે અંગેનો ખર્ચ કંટીજન્સી ખર્ચ ખાતે આકારવાનો રહેશે.

૮. જ્યાં સુધી સરકારશ્રી દ્વારા ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ માટે કચેરીની વ્યવસ્થા ન કરવામાં આવે ત્યાં સુધી ભાડાથી ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડ કચેરી રાખી શકશે. તથા કચેરી માટે ફર્નિચર/સાધન-સામગ્રી નિયમાનુસાર ખરીદી શકાશે.

૯. ગુજરાત પ્રાણી કલ્યાણ સલાહકાર બોર્ડના ઉપયોગ સારૂ આઉટ સોર્સિંગથી ડ્રાઈવર સાથે વાહન ભાડે રાખી શકાશે અને પટાવાળા, ડેટા એન્ટ્રી ઓપરેટર, એકાઉન્ટન્ટ વિગેરે જગ્યાઓ જરૂરીયાત મુજબ આઉટસોર્સિંગથી ભરી શકાશે.

૧૦. જિલ્લાનીપ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાતે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર આઉટસોર્સથી રૂ|.૪૫૦૦૦/- ના માસીક દરથી એક પશુચિકિત્સા અધિકારીની નિમણુંકકરી શકાશે તથાજિલ્લાનીપ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી ખાતે આઉટ સોર્સિંગથી ડ્રાઈવર સાથે વાહન ભાડે રાખી શકાશે.

(આશિષ ચૌધરી)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

**પરિશિષ્ટ-૨**

રાજ્યકક્ષાની દુધ ઉત્પાદન હરીફાઇ અભિયાનની યોજના વર્ષ ૨૦૨૩-૨૪

(૧) રાજ્યના પશુપાલકો પાસેથી ગાય/ભેંસને દુધ ઉત્પાદન હરીફાઇમાં ભાગ લેવા નિયત નમુનામાં અરજી લેવાની રહેશે.

(૨) લાભાર્થી બ્રીડવાઇઝ વધુમાં વધુ એક જ પશુને હરીફાઇમાં રાખવા અરજી કરી શકશે.

(૩) દુધ ઉત્પાદન હરીફાઇ અભિયાનમાં ભાગ લેવા પોતાના જે તે વર્ગના પશુઓલાદનું લઘુત્તમ દુધ ઉત્પાદન નીચે મુજબ હોવું જરૂરી રહેશે.

| ગાય વર્ગ | ૨૪ કલાકનુ કિ.ગ્રા. | ભેંસ વર્ગ | ૨૪ કલાકનુ કિ.ગ્રા. |
|---|---|---|---|
| કાંકરેજ | ૧૫ | જાફરાબાદી | ૧૯ |
| ગીર | ૧૯ | સુરતી | ૧૧ |
| જર્સી સંકર | ૨૪ | મેહસાણી | ૧૭ |
| એચ.એફ.સંકર | ૨૭ | બન.ડી. | ૧૪ |
| -- | -- | બન્ની | ૧૮ |

(૪) વર્ષ દરમ્યાન ગાય અને ભેંસ વર્ગમાં ઓલાદ મુજબ નિયત કરેલ દુધ ઉત્પાદન કરતાં સૌથી વધુ હોય તેવા દરેક સંવર્ગમાં ચાર ઇનામ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ગાય અને ભેંસ વર્ગમાં ઓલાદવાર નીચે મુજબ ઇનામ આપવામાં આવનાર છે.

| પશુ ઓલાદ | પ્રથમ ઇનામની રકમ | દ્વિતીય ઇનામની રકમ | તૃતીય ઇનામની રકમ | રનર-અપ ઇનામની રકમ |
|---|---|---|---|---|

| | રૂપિયા | રૂપિયા | રૂપિયા | રૂપિયા |
|---|---|---|---|---|
| ગીર ગાય | ૫૧,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| કાંકરેજ ગાય | ૫૧,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| જર્સી સંકર | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| એચ.એફ.સંકર | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| મેહસાણી ભેંસ | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| જાફરાબાદી ભેંસ | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| સુરતી ભેંસ | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| એન.ડી.ભેંસ | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |
| બન્ની ભેંસ | ૨૫,૦૦૦ | ૨૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૫,૦૦૦ |

આ ઉપરાંત પ્રોત્સાહન ઈનામ એન્ટ્રી દીઠ રૂ!.૧૦૦૦/- આપવામાં આવનાર છે.

(૫) લાભાર્થીના પશુના લઘુત્તમ દુધ ઉત્પાદનથી વધુ દુધ ઉત્પાદન ધરાવતી એન્ટ્રીઓનેજ પ્રોત્સાહન ઈનામ મળવાપાત્ર થશે.

(૬) દુધ ઉત્પાદન હરીફાઈમાં ભાગ લેવા નિયત નમુનામાં અરજી સાથે ફી રૂ! ૧૦૦/- ૦૪૦૩ પશુપાલન પરચુરણ આવક સદરે ચલણથી ભરી ચલણ સામેલ રાખી જે-તે વિભાગીય કચેરીને સાદર કરવાનું રહેશે. બીપીએલકાર્ડધારક, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિના પશુપાલક લાભાર્થીઓએ આ સબબના આધાર પુરાવા રજુકર્યેથી ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે.

(૭) દુધ ઉત્પાદન હરીફાઈમાં ભાગ લેવા જેતે લાભાર્થીએ દુધ દોહન માપણી માટે સંભવિત તારીખ ૧૫ દિવસ અગાઉ અરજી કરતી વખતે જણાવવાની રહેશે.જેને આધારે સરકારી સંસ્થાએ ચોક્કસ તારીખ, સમય અને દોહન માટેના કમિટીના સભ્યોની જાણ પશુમાલિકને કરવાની રહેશે.

(૮) દુધ દોહન હરીફાઈ અભિયાનમાં દરમ્યાન દુધ દોહનની ચકાસણી માટે નીચે મુજબની કમિટીની રચના કરવાની રહેશે.

(અ) પશુપાલન ખાતા/ક્ષેત્રિય કચેરી/જીલ્લા પંચાયતના વર્ગ-૧/૨ ના અધિકારી

(બ) જે-તે વિસ્તારના F.A.V.C./I.C.D.P./C.H.R.S. ના પશુધન નિરિક્ષક

(ક) ગામની દુધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખ/મંત્રી/ગામના સરપંચ/ગામના આગેવાન

ઉપરોક્ત પૈકી ગમે તે ત્રણની હાજરીમાં દુધ દોહનની ચકાસણી કરવાની રહેશે.

(આશિષ ચૌધરી)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ